# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-06-2024** **Midday : 1.20 to 1.30**
**Day : Monday** **National News**

### આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

**********************************************

- ✓ પ્રધાનમંત્રી પદનો વિધિવત રીતે કાર્યભાર સંભાળતા જ નરેન્દ્ર મોદીનો ખેડૂતલક્ષી નિર્ણય... પીએમ કિસાન નિધિના સત્તરમાં હપ્તાને આપી મંજૂરી
- ✓ નવી સરકારના મંત્રીમંડળની પ્રથમ બેઠક આજે સાંજે દિલ્હીમાં યોજાય તેવી શક્યતા
- ✓ વિશ્વના અનેક દેશોના નેતાઓએ ત્રીજીવારની જીત બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આપ્યા અભિનંદન..સંબંધો વધુ સુદ્રઢ બનાવવા પર મૂક્યો ભાર
- ✓ કેન્દ્રીય ચૂંટણી પંચે સાત રાજ્યોની ખાલી પડેલી 13 વિધાનસભાની બેઠકો માટે પેટાચૂંટણીની કરી જાહેરાત ... દસમી જુલાઇના રોજ થશે મતદાન
- ✓ જમ્મુ અને કાશ્મીરમાં, ગઈકાલે યાત્રાળુઓની બસ ઉપર થયેલા હુમલામાં જવાબદાર આતંકવાદીઓને શોધવા માટે સલામતી દળોનું તપાસ અભિયાન
- ✓ હવામાન વિભાગે ગોવા, મહારાષ્ટ્ર અને કર્ણાટકના કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી... રેડ અલર્ટ જાહેર

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM MODI KISAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી તરીકેનો વિધિવત્ રીતે કાર્યભાર સંભાળી લીધો છે. કાર્યભાળ સંભાળતા જ શ્રી મોદીએ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિના 17મા હપ્તાને અધિકૃત કરતી પ્રથમ ફાઈલ પર હસ્તાક્ષર કર્યા. આનાથી લગભગ 20 હજાર કરોડ રૂપિયાનું વિતરણ કરીને નવ કરોડ 30 લાખ ખેડૂતોને લાભ થશે.

શ્રી મોદીએ કહ્યું, નવી સરકારનો તેમનો પ્રથમ નિર્ણય ખેડૂત કલ્યાણ માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેમણે કહ્યું કે, તેમની સરકાર ખેડૂતોના કલ્યાણ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CABINET MEETING

નવી કેન્દ્રીય કેબિનેટની પ્રથમ બેઠક આજે સાંજે યોજાય તેવી શક્યતા છે. ગઈકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને નવા મંત્રી પરિષદે શપથ લીધા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM WORLD LEADERS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સતત ત્રીજી વાર પ્રધાનમંત્રી તરીકે શપથ લેવા બદલ વિશ્વના નેતાઓએ અભિનંદન પાઠવતા શ્રી મોદીએ વિશ્વના નેતાઓનો આભાર વ્યક્ત કર્યો છે. કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રૂડોએ સામાજિક માધ્યમ પર એક પોસ્ટમાં કહ્યું કે, કેનેડા માનવ અધિકાર, વિવિધતા અને કાયદાના શાસન

સાથે જોડાયેલા બે રાષ્ટ્રોના લોકો વચ્ચેના સંબંધોને આગળ વધારવા ભારત સરકાર સાથે કામ કરવા તૈયાર છે. શ્રી મોદીએ જવાબમાં કહ્યું, ભારત પરસ્પર સમજણ અને એકબીજાની ચિંતાઓ પ્રત્યે આદરના આધારે કેનેડા સાથે કામ કરવા આતૂર છે.

ફિનલેન્ડના પ્રધાનમંત્રી પેટેરી ઑર્પોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, તેઓ લોકોની સુખાકારી માટે સાથે મળીને કામ કરવા આતૂર છે. જવાબમાં શ્રી મોદીએ કહ્યું કે, તેઓ ભારત-ફિનલેન્ડ વચ્ચેના સંબંધોની ગતિ વધારવા અને બંને રાષ્ટ્રની ભાગીદારીને વધુ ગાઢ બનાવવા ફિનલેન્ડ સાથે કામ કરવા આતૂર છે.

સ્લોવેનિયાના પ્રધાનમંત્રી રોબર્ટ ગોલોબે જણાવ્યું હતું કે, તેઓ સ્લોવેનિયા અને ભારત વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવા અને આંતરરાષ્ટ્રીય મંચ પર વધુ સહકાર આપવા ઉત્સુક છે. જવાબમાં શ્રી મોદીએ કહ્યું કે, બંને દેશ તેમના ત્રીજા કાર્યકાળમાં ભાગીદારી ગાઢ બનાવવાનું યથાવત્ રાખશે.

......2.......

યુગાન્ડાના રાષ્ટ્રપતિ યોવેરી કે મુસેવેનીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને રાષ્ટ્રીય ચૂંટણીમાં જીત બદલ અભિનંદન પાઠવતા કહ્યું કે, આફ્રિકાના લોકો ભારતીયો સાથે સમાન આકાંક્ષાઓ અને લક્ષ્યો ધરાવે છે. શ્રી મોદીએ તેમના જવાબમાં કહ્યું, તેઓ યુગાન્ડા સાથે તેમની મજબૂત ભાગીદારીને આગળ વધારશે.

માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સે પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ત્રીજી વખત જીતવા બદલ અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, શ્રી મોદીએ આરોગ્ય, કૃષિ, મહિલાઓના નેતૃત્વમાં વિકાસ અને ડિજિટલ પરિવર્તન જેવા ક્ષેત્રોમાં વૈશ્વિક પ્રગતિ માટે નવીનતાના સ્ત્રોત તરીકે ભારતની સ્થિતિ મજબૂત કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## EC - BYE-ELECTION

કેન્દ્રિય ચૂંટણી પંચે સાત રાજ્યોની 13 વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો છે. આમાંથી પશ્ચિમ બંગાળમાં ચાર, હિમાચલ પ્રદેશમાં ત્રણ, ઉત્તરાખંડમાં બે અને બિહાર, તમિલનાડુ, મધ્યપ્રદેશ અને પંજાબમાં એક-એક વિધાનસભા મતવિસ્તાર છે. આ વિધાનસભા મતવિસ્તારો માટે 10 જુલાઈએ મતદાન અને 13 જુલાઈએ મતગણતરી યોજાશે..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BHUTAN_BANGLASESH

બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ ભૂતાનના પ્રધાનમંત્રી દાશો શેરિંગ તોબગે સાથે નવી દિલ્હીમાં મુલાકાત દરમિયાન ભારત મારફતે ભૂટાનમાંથી હાઇડ્રો વીજળીની આયાત કરવાની ઇચ્છાનો પુનરોચ્ચાર કર્યો હતો.

બાંગ્લાદેશના વડાપ્રધાન તેમના સમકક્ષ ભૂતાનના પ્રધાનમંત્રી સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના શપથગ્રહણ સમારોહમાં ઉપસ્થિત રહેવા નવી દિલ્હીમાં હતા. બેઠક બાદ પત્રકાર પરિષદમાં  બાંગ્લાદેશના વિદેશ મંત્રી ડો હસન મહમુદે જણાવ્યું હતું કે ભૂતાનથી હાઈડ્રો ઈલેક્ટ્રીસીટીની આયાત માટે ભારતના સથવારે ત્રિપક્ષીય કરારની જરૂર છે..

આ બાબતને ભારતના ધ્યાન પર લાવી ચૂક્યા હોવાનું પણ જણાવાયુ હતું.. ભૂતાન અને બાંગ્લાદેશે બહુપક્ષીય સંબંધોને સુદ્રઢ કરવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ જણાવ્યું હતું કે, તમામ બાંગ્લાદેશીઓના હૃદયમાં ભૂતાનનું વિશેષ સ્થાન છે કારણ કે તેણે 1971ના મુક્તિ યુદ્ધ પછી બાંગ્લાદેશને પ્રથમ સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે માન્યતા આપી હતી. તેમણે બાંગ્લાદેશના કુરિગ્રામમાં સ્પેશિયલ ઇકોનોમિક ઝોનમાં ભૂતાન માટે ફાળવેલી જમીનના યોગ્ય ઉપયોગ પર ભાર મૂક્યો હતો અને આશા વ્યક્ત કરી હતી કે ભૂતાન અહીં  ઉદ્યોગો સ્થાપશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# REV_J&K TERROR ATTACK

જમ્મુ અને કાશ્મીરમાં, ગઈકાલે યાત્રાળુઓની બસ ઉપર થયેલા હુમલામાં જવાબદાર આતંકવાદીઓને શોધવા માટે સલામતી દળોએ તપાસ અભિયાન શરૂ કર્યું છે. આ હુમલામાં 10 લોકોના મોત થાય હતા જ્યારે ૩૩ લોકો ઇજાગ્રસ્ત થયા હતા. બસ, શિવ ખોરી મંદિરથી માતા વૈષ્ણો દેવી મંદિર કટરા જતી હતી. આતંકવાદીઓએ બસ પર ગોળીબાર કરતાં ડ્રાઇવરે નિયંત્રણ ગુમાવ્યું હતું અને બસ ઊંડી ખીણમાં ખાબકી હતી. .

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનકડે આતંકી હુમલા અંગે દુઃખ વ્યક્ત કર્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો અને લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાને પરિસ્થિતિ પર સતત દેખરેખ રાખવા અને ઘાયલ શ્રદ્ધાળુઓને તમામ શક્ય તબીબી સંભાળ અને સહાય સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો.. જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ કહ્યું છે કે, સમગ્ર વિસ્તારને ઘેરાબંધી કરીને આતંકવાદીઓની શોધખોળ ચાલી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CHARDHAM YATRA DEATH

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રામાં દરરોજ હજારો ભક્તો ચાર ધામના દર્શન કરવા આવી રહ્યા છે. બીજી તરફ ચારધામ યાત્રા માટે આવતા

શ્રદ્ધાળુઓનો, મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. 10મી મેથી શરૂ થયેલી ચારધામ યાત્રા દરમિયાન અત્યાર સુધીમાં 100 શ્રદ્ધાળુઓના મૃત્યુ થયા છે.

રાજ્યના ઇમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા યાત્રાળુઓના મોતનો અહેવાલ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં જણાવાયું છે કે, કપાટ ખુલ્યા પછી કેદારનાથમાં, સૌથી વધુ 49 શ્રદ્ધાળુઓના મૃત્યુ થયા છે. જ્યારે બદ્રીનાથમાં 22, યમુનોત્રીમાં 22 અને ગંગોત્રીમાં 7 શ્રદ્ધાળુઓના મૃત્યુ થયા હોવાના અહેવાલ છે..

યાત્રાળુઓના મૃત્યુની વધતી સંખ્યા અંગે આરોગ્ય વિભાગના અધિકારીઓનું કહેવું છે કે," યાત્રા દરમિયાન મૃત્યુના મોટાભાગના કેસોમાં વૃદ્ધો અને પહેલાથી જ કોઈને કોઈ બીમારીથી પીડિત લોકો સામેલ છે." આરોગ્ય વિભાગનો દાવો છે કે," ચારધામ યાત્રા પહેલા યાત્રાળુઓની, સ્ક્રીનિંગ કરવામાં આવી રહી છે. વિભાગ અનુસાર, અત્યાર સુધીમાં લગભગ, બે લાખ શ્રદ્ધાળુઓની તપાસ કરવામાં આવી છે..

------------------

## ALL TIME HIGH

નવી સરકારની રચનાની સાથે જ શેરબજારમાં પણ સકારાત્મક અસરો જોવા મળી છે. આજે નવા સપ્તાહના આરંભે જ શેરબજાર ખુલતાની સાથે જ ઐતિહાસિક ટોચના સ્તરે પહોંચી ગયુ હતું..

સેન્સેક્સે પ્રથમ વખત 77,000ના આંકને વટાવી દીધો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ 2024-25 માટે તેના જીડીપી વૃદ્ધિના અંદાજને અગાઉના 7 ટકાથી

વધારીને 7.2 ટકા કરવા, તેમજ નવા વિદેશી ભંડોળના પ્રવાહ જેવા પરિબળો પણ આ વધારા માટે કારણભૂત છે..

30 શેરો ધરાવતો BSE સેન્સેક્સ પ્રારંભિક સોદામાં 386 પોઈન્ટ ઉછળીને 77,079ની નવી વિક્રમી ટોચે પહોંચ્યો હતો. NSE નિફ્ટી 122 પોઈન્ટ વધીને 23,412ની લાઈફ ટાઈમ ટોચે પહોંચ્યો હતો.જોકે ત્યારબાદ સેન્સેક્સમાં સામાન્ય ઘટાડો જોવા મળ્યો હતો અને અત્યારે 77 હજારની સપાટીની નીચે ચાલી રહ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## IMD

હવામાન વિભાગે આજે ગોવા, મહારાષ્ટ્ર અને કર્ણાટકના કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતાને કારણે રેડ અલર્ટ આપ્યું છે.

હવામાન વિભાગે આગામી 3 થી 4 દિવસ દરમિયાન કર્ણાટક, કેરળ, લક્ષદ્વીપ અને આંધ્રપ્રદેશમાં વાવાઝોડા, વીજળી અને ભારે પવન સાથે હળવાથી મધ્યમ વરસાદ થવાની આગાહી કરી છે. જ્યારે આગામી 6 દિવસ દરમિયાન ઉત્તર-પૂર્વ ભારત અને પશ્ચિમ બંગાળમાં તો પૂર્વ અને મધ્ય ભારતમાં, બિહાર, ઝારખંડ, ઓડિશા, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં આગામી 4 દિવસ દરમિયાન આ સમાન સ્થિતિ રહેવાની શક્યતા છે.

દરમિયાન, પંજાબ, હરિયાણા, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી, રાજસ્થાન અને મધ્યપ્રદેશના કેટલાક ભાગોમાં

આગામી 13 જૂન  સુધી ગરમીની સ્થિતિ યથાવત્ રહેશે. આગામી 4 દિવસ દરમિયાન ઉત્તરપશ્ચિમ અને મધ્ય ભારતમાં મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની પણ સંભાવના છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## EU SNAP ELECTION

ફ્રાન્સના પ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોએ આ મહિનાના અંતમાં ત્વરિત સંસદીય ચૂંટણીઓ યોજવાનો નિર્ણય લીધો છે.  છે. એક્ઝિટ પોલમાં જમણેરી પાર્ટીનો 32 ટકા મતે વિજય થાય તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.. જે પ્રમુખ મેક્રોની પાર્ટી કરતા બમણાથી વધુ મત દર્શાવે છે.. મેક્રોએ સંસદના વિસર્જનની જાહેરાત કરતા કહ્યું કે મતદાનના બે રાઉન્ડ 30મી જૂન અને 7મી જુલાઈએ થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .